Gujarat Samachar Pg 8, 12th April 2022

# ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં રકાસ યથાવત : આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨,૩૯૦ પોઈન્ટનો ઘટાડો

મુંબઈતા.૧૧

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં રકાસ યથાવત રહેતાં બિટકોઈન ૪૨,૦૦૦ ડાલ્લરની સપાટીની નીચે પહોંચી ગયો છે. વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે અને ફેડરલ રિઝર્વ મોટા પ્રમાણમાં વ્યાજદરમાં વધારો કરે એવી ભીતિ સેવાઈ રહી છે.

આવામાં યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે રશિયાએ કરેલા હુમલામાં હજારો લોકોનાં મોત થયાં છે. યુરોપિયન દેશોએ રશિયાથી ઓઈલ અને ગાસની ખરીદી પર પ્રતિબંધ મૂકવા બાબતે ચર્ચાને આગળ વધારી છે. જોકે, જર્મનીએ આ પગલાની ગંભીર આર્થિક અસરને જોતાં તેનો વિરોધ કર્યો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૭૫ ટકા (૨,૩૯૦ પોઈન્ટ) ઘટીને ૬૧,૧૯૦ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૩,૫૮૦ ખૂલીને ૬૫,૦૫૧ સુધીની ઉપલી અને ૬૦,૯૧૧ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.